# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/ ૭૩૬૫ તા.૧૭/૦૬/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત,જિ-સુરત

વિષયઃ- ચોમાસાની ઋતુમાં તકેદારી રાખવા બાબત.

સંદર્ભઃ- ૧. કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક મકમ/પરચ/૨૦૨૫/ /૨૦૨૫/૮૬૧૩-૫૦ તા.૧૭/૦૬/૨૦૨૫.

૨. સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ચોમાસાની ઋતુમાં શાળાઓમાં નીચે મુજબ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

૧. ચોમાસાની ઋતુને ધ્યાન રાખી શાળાના મકાનનો કોઇ ભાગ જર્જરિત કે ભયજનક હોય તો તોડી નાંખવા અંગેની કાર્યવાહી કરવી. જર્જરિત વર્ગખંડોમાં વિદ્યાર્થીને બેસાડવા નહિ તથા આવા પ્રકારના ભયજનક બાંધકામવાળા રૂમોમાં વિદ્યાર્થી ન જાય તેની ખાસ કાળજી રાખવી.

૨. ચોમાસા દરમિયાન વીજળીનો કરંટ લાગવાની ઘટના ન બને તે માટે વીજળી જોડાણની ચકાસણી કરી લેવાની રહેશે.

૩. ચોમાસામાં અતિવૃષ્ટી/પૂર જેવી હોનારતમાં વિદ્યાર્થીની સલામતી ધ્યાને રાખી સ્થાનિક પરિસ્થિતીને અનુરૂપ શાળામાં રજા રાખવા બાબતે શાળા કક્ષાએ નિર્ણય લેવાનો રહેશે પરતુ તેની જાણ શકય હોય તેટલી વહેલી અત્રેની કચેરીને કરવાની રહેશે.

૪. સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ નો અભ્યાસ કરી વિદ્યાર્થીઓને અવગત કરવા અને શાળા કક્ષાએ પોલીસીનો અમલ કરવો.

૫. શાળામાં ડિઝાસ્ટર સંદર્ભે એક શિક્ષક ભાઇ અને એક શિક્ષિકા બેનની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવી.

૬. ચોમાસા દરમિયાન કુદરતી આપત્તિ સામે રક્ષણ મેળવવા વિસ્થાપિતોને સુવિધા આપવા સલામત સ્થળે ખસેડવાની જરૂરિયાત ઊભી થતી હોય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં શાળાના મકાનની જરૂરિયાત ઊભી થાય ત્યારે શાળા મકાનનો કબજો સહેલાઇથી મેળવી શકાય તે માટે શાળાની ચાવી જેની પાસે રહે તેની વિગત **SVS**-કન્વીનરને મોકલી આપવી **SVS**-કન્વીનરનો મોબાઇલ નંબર અવશ્ય રાખવાનો રહેશે.

૭. અગત્યનાં ફોન નંબર જેવાં કે હોસ્પિટલ, એમ્બ્યુલન્સ, સ્વૈચ્છિક સંસ્થાઓ, ફાયર બ્રિગેડ, પોલીસ, વગેરેનાં નંબર હાથ પર રાખવા.

૮. શાળાના વિદ્યાર્થીઓ શાળાના બાજુમાં આવેલ કુવા, નદી-નાળા, કોતરોમાં નાહવા ન જાય તે અંગે વિદ્યાર્થીઓને પ્રાર્થના સભામાં અવગત કરવા.

૯. શાળાએ પોતાની ઉપલી કચેરી અને વહીવટી તંત્ર સાથે સંપર્કમાં રહેવા અથે જરૂરી સંપર્ક નંબરો અને વિગતો હાથ પર રાખવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત